જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૮/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી ધારા હેઠળ ઝડપાયા:-</u> <u>સમાચાર યાદી નં.૧૬૯૫/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૮ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૧૧૭ લીટર દેશી દારૂ અને ૨૪ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૬૯૬/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડ ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૯૭/૧૭</u>**

**ચાંદખેડા : (૧)** જયાબેન પંચાણભાઈ રાઠોડ (ઉ.વ.૬૧)(રહે,ધરતીનગર બંગ્લોઝ ચાંદખેડા રેલ્વે સ્ટેશનની સામે ચાંદખેડા) એ તા.૨૨/૮/૧૭ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૮/૨૦૧૭ સાંજના ૭/૦૦ થી તા.૨૧/૮/૧૭ સવારના ૬/૪૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાનાં દાગીના કિંમત રૂપિયા ૫૬,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૪,૦૦૦/-મત્તાની ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**(૨)** અશ્વિનભાઈ અજયભાઈ દાફડા (ઉ.વ.૫૦)(રહે,ઉત્કર્ષ બંગ્લોઝ વિભાગ-૦૨, શ્રુષ્ટી બંગ્લોઝની બાજુમાં, ચાંદખેડા) એ તા.૨૨/૮/૧૭ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૧૭ ના કલાક ૬/૩૦ થી તા.૨૧/૮/૧૭ સવારના ૧૦/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના તથા બે લેડીઝ ઘડીયાળ મળી કુલ રૂપિયા ૫,૪૦,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** મનોજભાઇ રમેશચંદ્ર જૈન (ઉ.વ.૪૩)(રહે,કીર્તી ટેનામેન્ટ, જગતપુર, ચાંદલોડીયા, સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૮/૧૭ રાતના ૦૯/૩૦ થી તા.૨૨/૮/૧૭ સવારના ૪/૪૫ સુધીના સમયગાળા દરમ્યાન સોલા, ગોતા, વંદે માતરમ્, વિશ્વાસ સીટી- ૩, શોપીંગ સેન્ટરમાં આવેલ મનોજભાઇની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, દુકાનમાંથી એલ.ઇ.ડી. ટી.વી. કિંમત રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાનું ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**ઘાટલોડીયા :** જયેશભાઇ ગીરીશભાઇ પટેલ (ઉ.વ.૩૦)(રહે, મુરારીપાર્ક સોસાયટી, સરદાર પટેલના સ્ટેચ્યુ પાસે નારણપુરા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૮/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૨૨/૮/૧૭ સવારના ૧૦/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા ટેલીફોન એક્ષચેન્જ પાસે, સરદાર પટેલ શોપીંગ સેન્ટરમાં દુકાન નંબર-૩૫ માં આવેલ જયેશભાઇની ‘ઓમ’ મોબાઇલ નામની દુકાનનાં શટરના નકુચા તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી (૧) મેમરીકાર્ડ, પેનડ્રાઇવ, પાવર બેન્ક, હેડફોન, સ્પીકર, કિંમત રૂપીયા ૬૦,૦૦૦/- (૨)ટેકનો કંપનીનો આઇ-૩ મોબાઇલ ફોન કિંમત રૂપીયા ૩,૦૦૦/- (૩) વીવો કંપનીનો મોબાઇલ કિંમત રૂપીયા ૯,૦૦૦/- (૪)ઓપો કંપનીનો મોબાઇલ કિંમત રૂપીયા ૯,૦૦૦/- (૫) કેશ કાઉન્ટરમાં મુકેલ રોકડા રૂપીયા ૫૫,૦૦૦/- મળી કુલ રૂપીયા ૧,૩૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી બાબુભાઇ રતાભાઇ ચલાવે છે.

**પાલડી :** કિંજલભાઇ દિપકભાઇ શાહ (રહે,દેવ સ્ટેટસ ફ્લેટ, નવા વિકાસ ગૃહ રોડ પાલડી) એ તા.૨૨/૮/૧૭ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૮/૧૭ ના કલાક ૧૨/૦૦ થી તા.૨૨/૮/૧૭ નાં કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે ધાબાના કેબીનના દરવાજાનુ લોક કોઈ સાધન વડે ખોલી અંદર પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા ટીવી. તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૧૮૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.સીંધી ચલાવે છે.

**નોકર ચોરી :-** **સમાચાર યાદી નં.૧૬૯૮/૧૭**

**સેટેલાઇટ :** જીતેન્દ્રલાલ હીરાલાલ દેખતાવાળા (ઉ.વ.૮૮)(રહે,ન્યુ અલકનંદા ફલેટ, બીમલ એપાર્ટમેન્ટની સામે આઝાદ સોસાયટી પાસે સેટેલાઇટ) એ તા.૨૨/૮/૧૭ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૮/૧૭ ના કલાક ૧૦/૦૦ થી તા.૨૨/૮/૧૭ ના કલાક ૧૧/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં કામ કરતો આરોપી હેમેન્દ્ર મોહનલાલ યાદવ (જેના પુરા નામ-સરનામાની ખબર નથી) એ જીતેન્દ્રલાલનાં ઘરના દરવાજા તેમજ રૂમના કબાટના તાળા ખોલી, તેમાંથી રોકડા રૂપીયા ૧,૨૨,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.વાઘેલા ચલાવે છે.

<u>વાહન ચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૧૬૯૯/૧૭</u>

**વસ્ત્રાપુર :** તુષાર S/O કાળીદાસભાઇ ચોધરી (રહે.સ્વરા રેસીડન્સી બેંન્ક ઓફ બરોડાની સામે, ગોતા રોડ ચાંદલોડિયા) એ તા.૨૨/૮/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૧૭ સાંજના ૬/30 વાગ્યાના સુમારે પકવાન ચાર રસ્તા ટાઇટેનિયમ વન સામે રોડ ઉપર પોતાની સેન્ટ્રો કાર નંબર જીજે.૦૧.એચ.એન.૧૪૬૩ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી બે કલાકમાં થઇ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભાવેશભાઇ ગીરીશભાઇ ચલાવે છે.

<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:-</u> <u>સમાચાર યાદી નં.૧૭૦૦/૧૭</u>

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન :** બબનભાઈ સુખુભાઇપ્રજાપતિ (ઉ.વ.૪૬)(રહે,ગાયત્રીનગર, બચુભાઇનાં કુવા પાસે, નવા વટવા) તા.૨૨/૦૮/૧૭ રાતનાં ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે વટવા ગામ, મહાલક્ષ્મી કોર્નર પાસેથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણ્યા રીક્ષા ચાલકે તેમને ટક્કર મારતાં, બબનભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર માટે તેમને વી.એસ.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૮/૧૭ ના કલાક ૨/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે “જે” ટ્રાફીક પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એન.કે.ગોસ્વામી ચલાવે છે.

<u>દાદારા ઉપરથી પડી જતાં મૃત્યુ:-</u> <u>સમાચાર યાદી નં.૧૭૦૧/૧૭</u>

**રામોલ :** નિકલંકભાઈ કુંન્દનલાલ જૈન (ઉ.વ.૪૦)(રહે,સુખરામ મહાદેવ ટેનામેંટ વસ્ત્રાલ) તા.૧૬/૦૮/૧૭ સાંજનાં ૬/૧૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે દાદરામા પડી જતાં, શરીરે ઈજા થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૮/૧૭ ના કલાક ૧/30 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઈ મણીલાલ ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૭૦૨/૧૭</u>

**ખોખરા :** સેજલબેન વા/ઓ ગૌરાંગભાઇ ગજ્જર (ઉ.વ.૩૬)(રહે,વિજયપાર્ક સોસાયટી, ખોખરા) કોઇ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૧૭ ના કલાક ૧૦/30 થી તા.૨૨/૦૮/૧૭ ના કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.